ક્રમાંક:એફસીએ-૧૦૨૧/૭-૪૪/એસ.એફ-૪૮/એફ

વન અને પર્યાવરણ વિભાગ,

સચિવાલય,ગાંધીનગર,

તા. /૦૫/૨૦૨૧ 14 MAY 2021

4 MAY 2021

પ્રતિ,

અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (જમીન),

અરણ્ય ભવન,ગુજરાત રાજ્ય,

ગાંધીનગર.

વિષય : Diversion of **0.9885 Ha. of forest land from Girnar Wildlife sanctuary for construction of Datar hill stair road, Gujarat State.**

સંદર્ભ : આપશ્રીનાં તા.૧૬/૦૨/૨૦૨૧ થી મોકલેલ સિંગલ ફાઈલ ક્રમાંક: FCA-7-44/2020-21

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે સંદર્ભ હેઠળની સિંગલ ફાઈલ અન્વયે નીચે મુજબની બાબતોની પૂર્તતા દિન-૭ માં કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

૧) પ્રસ્તુત દરખાસ્તમાં એનેક્ષર-૧૬ માં વૃક્ષો કાપવાના થાય છે કે કેમ? તે બાબતે નાયબ વન સંરક્ષકશ્રી, જુનાગઢ દ્વારા કોઈ સ્પષ્ટ વિગતો દર્શાવેલ ન હોય આથી ફરીથી એનેક્ષર-૧૬ વિગતો સથેનું મોકલી આપવું.

૨) આપની ઉક્ત સિંગલ ફાઈલ પરની નોંધમાં જણાવેલ છે કે, ઉપલા દાતાર દરગાહ ટ્રસ્ટના ચેરમેનશ્રી અને કલેક્ટરશ્રી, જુનાગઢ(શહેર) દ્વારા સંયુક્ત રીતે નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની તા.૧૪.03.૨૦૧૭ થી મંજૂરી મળ્યા બાદ ભારત સરકારશ્રીની પરવાનગી વગર વાયોલેશન કરીને દાતાર હીલ પર વીલીંગ્ડન ડેમથી સકરમાઈ સુધી જાવા આવવા માટે દાતાર સીડીની બાજુમાં રોડની કામગીરી કરવામાં આવેલ છે. આ દરખાસ્તમાં આ તમામ **FOR** વર્ષ ૨૦૦૮ થી ૨૦૧૦ ના વર્ષમાં નોંધાયેલ છે. જ્યારે વાઈલ્ડ લાઈફની **NOC** વર્ષ ૨૦૧૭ માં મળેલ છે. **FOR** ગુન્હાઓ પાકા બાંધકામ કરવાનો, માટી ખોદીને કેડી રીપેર કરવાનો, કેડીમાંથી પથ્થર હટાવવા બાબતે, માટી ખોદી સીમેન્ટનું કામકાજ કરવા બાબતના ગુન્હાઓ નોંધવામાં આવેલ છે. જ્યારે પ્રસ્તુત દરખાસ્ત રોડ બનાવવા માટેની છે, જ્યારે એક ગુનો પાકા બાંધકામ માટેનો પણ નોંધાયેલ છે. જ્યારે રીઝર્વ ફોરેસ્ટમાંથી બાંધકામની દરખાસ્તની કોઈ જ વિગતો સામેલ નથી અને દરખાસ્ત રજુ થયેલ નથી. આમ ઉપરોક્ત બાબતે પૂર્તતા અને સ્પષ્ટતા કરવી.

૩) યુઝર એજન્સીએ વન સંરક્ષણ ધારા, ૧૯૮૦ હેઠળની દરખાસ્ત તા.૧૮.૦૨.૨૦૧૬ ના રોજ કરેલ છે અને દરખાસ્ત કર્યાના ૭ થી ૮ વર્ષ પૂર્વે અર્થાત ૨૦૦૮ થી ૨૦૧૦ દરમ્યાન વાયોલેશન થયેલ હોઈ (૧) વન સંરક્ષણ ધારા, ૧૯૮૦ ની મંજુરીથી દરખાસ્ત શા માટે વિલંબથી કરવામાં આવી? વાયોલેશન રોકવા સંબંધિત વન અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી (૨) તા.૧૮.૦૨.૨૦૧૬ ના રોજ યુઝર એજન્સી કરેલ દરખાસ્ત પાંચ વર્ષના લાંબા વિલંબ બાદ તા.૧૭.૦૨.૨૦૨૧ ના રોજ સરકારને રજુ કરવા બદલ સ્પષ્ટતા કરવી.

૪) વધુમાં સીંગલ ફાઈલ દરખાસ્તમાં પૃષ્ઠ નંબરો ક્રમાનુસાર દર્શાવેલ નથી. આ બાબતે અગાઉ સૂચના આપેલ હોવા છતાં આ બાબતે ફરીથી ભૂલ ન થાય તે માટે કાળજી રાખવી.

(એસ.જે.પંડિત)
અધિક સચિવ (વન)
વન અને પર્યાવરણ વિભાગ